# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-01-2025** **MORNING: 7.45 to 7.55**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે**

2. **વિશ્વ બેંકે ભારત માટે 6.7 ટકાના વિકાસ દરનો અંદાજ લગાવ્યો**

3. **રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે બુલેટ ટ્રેનને માત્ર પરિવહન પહેલ તરીકે નહીં પરંતુ આર્થિક એકીકરણના એન્જિન તરીકે જોવી જોઈએ**

4. **કેન્દ્રીયગૃહમંત્રી અમિત શાહ આજે આંધ્રપ્રદેશના વિજયવાડામાં 220 કરોડ રૂપિયાની અનેક યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે**

5. **ગાઝામાં ઇઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામ કરાર ભારતીય સમય મુજબ આજે બપોરે 12 વાગ્યાથી અમલમાં આવશે**

6. **ભારતીય પુરુષ અને મહિલા ટીમો ખો-ખો વિશ્વ કપમાં ફાઇનલમાં, આજે નેપાળ સામે ટકરાશે**

.......................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો ૧૧૮મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . .

# PM-CULTURAL CENTRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાફનામાં ભારતના સહયોગથી નિર્માણ કરાયેલા પ્રતિષ્ઠિત સાંસ્કૃતિક કેન્દ્રનું નામ બદલીને તિરુવલ્લુવર સાંસ્કૃતિક કેન્દ્ર કરવામાં આવ્યું તે પગલાનું સ્વાગત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તે ભારત અને શ્રીલંકાના લોકો વચ્ચેના ઊંડા સાંસ્કૃતિક, ભાષાકીય, ઐતિહાસિક અને સભ્યતા સંબંધોને પણ પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . .

# WORLD BANK

વિશ્વ બેંકે ભારત માટે 6.7 ટકાના વિકાસ દરનો અંદાજ લગાવ્યો છે, જે વૈશ્વિક વિકાસ દર કરતા 2.7 ટકા વધુ છે. વિશ્વ બેંકના ગ્લોબલ ઇકોનોમિક પ્રોજેક્શન્સ - GEP અહેવાલના જાન્યુઆરી 2025 ના સંસ્કરણમાં જણાવાયું છે કે ભારત આગામી બે નાણાકીય વર્ષ સુધી સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા તરીકેનું સ્થાન જાળવી રાખશે.. GEP રિપોર્ટ સરકારની સેવા ક્ષેત્રને મજબૂત બનાવવા અને ઉત્પાદન આધારને પુનર્જીવિત કરવા માટેની પરિવર્તનકારી પહેલોને આભારી છે. માળખાગત સુવિધાઓના આધુનિકીકરણથી લઈને કરવેરા સરળ બનાવવા સુધીના આ પગલાં સ્થાનિક વિકાસને વેગ આપી રહ્યા છે અને ભારતને વૈશ્વિક આર્થિક સ્થિરતા તરીકે સ્થાપિત કરી રહ્યા છે. અહેવાલમાં એવો પણ અંદાજ છે કે ચીનનો આર્થિક વિકાસ આવતા વર્ષે ધીમો પડીને 4 ટકા થશે. અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે મજબૂત શ્રમ બજાર, ધિરાણની વધતી જતી પહોંચ અને દેશમાં ઓછા ફુગાવાના કારણે ખાનગી વપરાશમાં પણ વધારો થવાની ધારણા છે. વિશ્વ બેંકના અહેવાલની પ્રશંસા કરતા, આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને વિશ્વ આર્થિક દૃષ્ટિકોણ (WEO) એ પણ ભારતની મજબૂત આર્થિક પ્રગતિની પુષ્ટિ કરી છે. IMF એ અંદાજ લગાવ્યો છે કે નાણાકીય વર્ષ 2025 અને 2026 માટે ભારતનો વિકાસ દર સાડા છ ટકા રહેશે.

. . . . . . . . . . . . . . .

# IIM AHMEDABAD JP NADDA

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ અમદાવાદ ખાતે આયોજિત IIM અમદાવાદ હેલ્થકેર સમિટમાં ભારતની આરોગ્ય સંભાળ પ્રણાલીમાં પરિવર્તન પર ભાર મૂક્યો હતો. તેમણે આરોગ્યસંભાળમાં સંશોધનની ઉભરતી ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો, અને કહ્યું કે જ્યારે શૈક્ષણિક સંશોધન એક સમયે આર્કાઇવ્સ સુધી મર્યાદિત હતું, ત્યારે હવે વાસ્તવિક દુનિયાના પડકારોને ઉકેલવા માટે તેનો અસરકારક રીતે ઉપયોગ થઈ રહ્યો છે

(બાઈટ : જે. પી. નડ્ડા,)

ઉલ્લેખનીય છે કે IIMA હેલ્થકેર સમિટ ભારતના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં સહયોગ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ મંચ તરીકે ઉભરી આવ્યું છે, જે એક મજબૂત આરોગ્યસંભાળ ઇકોસિસ્ટમ બનાવવા માટે રાષ્ટ્રની પ્રતિબદ્ધતાને બળ આપે છે.

. . . . . . . . . . . . . . .

# RAILWAY MANTRI -ASHVINI VAISHNAV

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે બુલેટ ટ્રેનને માત્ર પરિવહન પહેલ તરીકે નહીં પરંતુ આર્થિક એકીકરણના એન્જિન તરીકે જોવી જોઈએ. મહારાષ્ટ્રના થાણેમાં પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કર્યા પછી, તેમણે પ્રોજેક્ટની પ્રગતિ અંગે સકારાત્મક વાત કરી . શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી, મુંબઈ, થાણે, સુરત અને અમદાવાદ જેવા શહેરોમાં આર્થિક વિકાસ થશે..હાઇ-સ્પીડ ટ્રેનને પરિવહન પ્રોજેક્ટ તો, અર્થતંત્રોનું એકીકરણ છે. ઉદાહરણ તરીકે, જો કોઈ અમદાવાદથી મુંબઈની મુસાફરી અઢી કલાકમાં કરે છે, તો એક રીતે, અમદાવાદ, આણંદ, સુરત, બરોડા, વાપી, થાણે અને મુંબઈની અર્થવ્યવસ્થાઓ સંકલિત થવું જોઈએ.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

## ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# SHAH-ANDHRA PRADESH VISIT

ગૃહમંત્રી અમિત શાહ આજે આંધ્રપ્રદેશના વિજયવાડામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ - NDRF ના 20મા સ્થાપના દિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. NDRF એ વિશ્વનું સૌથી મોટું દળ છે જે "આપત્તિ સેવા હંમેશા સર્વત્ર" ના સિદ્ધાંત સાથે તમામ આપત્તિઓનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ છે. ગૃહમંત્રી 220 કરોડ રૂપિયાના અનેક યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.

. . . . . . . . . . . . . . .

# GAZA CEASEFIRE DEAL

ગાઝામાં ઇઝરાયલ અને હમાસ વચ્ચેનો યુદ્ધવિરામ કરાર ભારતીય સમય મુજબ આજે બપોરે 12 વાગ્યાથી અમલમાં આવશે. ગઈકાલે ઇઝરાયલી સુરક્ષા મંત્રીમંડળે ગાઝા યુદ્ધવિરામ કરારને મંજૂરી આપી હતી. આ કરારમાં ઇઝરાયલી જેલોમાં બંધ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા ઇઝરાયલી બંધકોની મુક્તિ અને 15 મહિનાથી ચાલતા સંઘર્ષમાં કામચલાઉ યુદ્ધવિરામનો સમાવેશ થાય છે.

પરંતુ યુદ્ધવિરામ અમલમાં આવ્યાના થોડા કલાકો પહેલા, ઇઝરાયલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું હતું કે ગાઝા યુદ્ધવિરામ કરાર કામચલાઉ હોઈ શકે છે અને ઇઝરાયલ ગાઝા સંઘર્ષ ફરી શરૂ કરવાનો અધિકાર અનામત રાખે છે. તેમણે હમાસને આજે પ્રથમ તબક્કામાં મુક્ત થનારા 33 બંધકોની યાદી આપવા કહ્યું છે. આ બંધકોમાં બાળકો, મહિલાઓ અને ૫૦ વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓનો સમાવેશ થાય છે. હમાસ દ્વારા મુક્ત કરાયેલી દરેક મહિલા ઇઝરાયલી સૈનિક માટે ઇઝરાયલ 50 પેલેસ્ટિનિયન કેદીઓને અને અન્ય દરેક મહિલા બંધક માટે 30 કેદીઓને મુક્ત કરશે.

. . . . . . . . . . . . . . .

# MAHAKUMBH

જળ શક્તિ મંત્રાલયના નમામિ ગંગે મિશન દ્વારા પ્રયાગરાજમાં મહાકુંભ 2025માં એક ભવ્ય નમામિ ગંગે મંડપની સ્થાપના કરવામાં આવી છે.

(મ્યુઝિક)

આ મંડપ ગંગા નદીના સંરક્ષણ અને સ્વચ્છતા વિશે જાગૃતિ લાવવાનું એક અનોખું માધ્યમ બની ગયું છે. અત્યાધુનિક ટેકનોલોજી, સર્જનાત્મક પ્રદર્શનો અને માહિતીપ્રદ જાગૃતિ સાથે, આ પેવેલિયન તમામ વય જૂથોના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

પેવેલિયનમાં મુલાકાતીઓ જે પહેલી વસ્તુ તરત જ જુએ છે તે છે જૈવવિવિધતા. જેમાં પક્ષીઓનો કિલકિલાટ અને ગંગા નદીના કિનારે જોવા મળતી જૈવવિવિધતાને આધુનિક પ્રોજેક્શન ટેકનોલોજી દ્વારા પ્રદર્શિત કરવામાં આવી છે. તે ફક્ત પર્યાવરણની સુંદરતા જ દર્શાવે છે, પરંતુ ગંગાને સ્વચ્છ અને જીવનદાયી રાખવાના મહત્વ પર પણ ભાર મૂકે છે. પેવેલિયનમાં ગંગાના સંરક્ષણ અને સ્વચ્છતા માટેના વિવિધ પ્રયાસો દર્શાવતું ડિજિટલ પ્રદર્શન પણ છે. આ પ્લેટફોર્મ નદીઓના પાણીના સ્તર, સ્વચ્છતા અને પ્રદૂષણની સ્થિતિ વિશે માહિતી પ્રદાન કરે છે.

. . . . . . . . . . . . . . .

# IMD WEATHER

સમગ્ર ઉત્તર ભારત સહિત દેશના ઘણા ભાગોમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે. પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાનના મોટાભાગના વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળના ઉપ-હિમાલયી પ્રદેશ, સિક્કિમ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં 21 જાન્યુઆરી સુધી હવામાનમાં કોઈ ફેરફાર થશે નહીં.

હવામાન વિભાગે તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે. આજે કેરળ અને માહેમાં વરસાદ અને ભારે પવન ફૂંકાઈ શકે છે. કોમોરિન અને તેની નજીકના મન્નારના અખાતમાં 45 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે તેવી શક્યતા છે. માછીમારોને આ વિસ્તારોમાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# KHO-KHO WORLD CUP

ભારતીય પુરુષ અને મહિલા ટીમોએ ખો-ખો વિશ્વ કપમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને ફાઇનલમાં સ્થાન મેળવ્યું છે. આજે ફાઇનલમાં તેઓ નેપાળ સામે ટકરાશે.

ગઈકાલે એક રોમાંચક મેચમાં, પુરુષ ટીમે દક્ષિણ આફ્રિકાને 62-42 થી પરાજય આપ્યો છે. રમતના પહેલા તબક્કામાં દક્ષિણ આફ્રિકાએ મજબૂત શરૂઆત કરી હતી, પરંતુ ભારતે બીજા તબક્કામાં શાનદાર વાપસી કરી હતી. ભારતના ગૌતમ એમ.કે. ને શ્રેષ્ઠ ખેલાડી અને સચિન ભાર્ગોને શ્રેષ્ઠ ફિલ્ડર જાહેર કરવામાં આવ્યા.

બીજી તરફ, ભારતીય મહિલા ટીમે પણ સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકા સામે 66-16ના મોટા અંતરથી જીત મેળવી હતી. રમતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ વૈષ્ણવી પવારને શ્રેષ્ઠ ખેલાડી અને નિર્મલા ભાટીને શ્રેષ્ઠ ફિલ્ડરનો એવોર્ડ આપવામાં આવ્યો.

આ જીત બાદ મહિલા ટીમના કોચ સુમિત ભાટિયાએ કહ્યું કે ભારતીય ટીમ ફાઇનલ રમવા માટે સંપૂર્ણ વિશ્વાસ ધરાવે છે.

**(બાઇટ – સુમિત ભાટિયા)**

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે નીકીતા શાહ

- કોલકત્તા મહિલા ડોક્ટર સાથે દુષ્કર્મ કેસમાં ચુકાદાના સમાચારે તમામ અખબારોના મુખ્ય સમાચારમાં સ્થાન આપ્યું છે.
- સંદેશ લખે છે... સંજય રોય દોષિત, સોમવારે સજા
- નવગુજરાત સમય લખે છે. કોલકત્તા મહિલા ડોક્ટરના રેપ મર્ડર કેસમાં સંજય રોય દોષિત
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે, 162 દિવસમાં કોર્ટનો નિર્ણય, ડોક્ટર સાથે દુષ્કર્મ હત્યા કેસમાં સંજય રોય દોષિત
- ગુજરાત સમાચારે કર્મચારીના પીએફ અંગેના સમાચારને મુખ્ય લેતાં શિર્ષક આપ્યું છે, કર્મચારી જાતે પીએફ ઓનલાઈન ટ્રાન્સફર કરી શકશે.
- નવ ગુજરાત સમયની હેડલાઈન છે ઈપીએફઓના ખાતેદારોને રાહત, ફંડ ઓનલાઈન ટ્રાન્સફર કરી શકશે.
- સ્થાનિક સમાચારોમાં ખ્યાતિ કાંડના કાર્તિક પટેલની ધરપકડને તમામ અખબારોએ હેડલાઈન બનાવી છે.
- સંદેશ લખે છે, દુબઈથી જ ગેમ પ્લાન બનાવીને આવેલો ખ્યાતિ કાંડનો મુખ્ય સુત્રધાર કાર્તિક પટેલની એરપોર્ટથી ધરપકડ
- નવ ગુજરાત સમય લખે છે ખ્યાતિ કાંડ કાર્તિક પટેલ દુબઈથી નાટ્યાત્મક રીતે હાજર થતાં એરપોર્ટ પરથી ધરપકડ
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે ખ્યાતિ હોસ્પિટલના 65 દિવસથી ફરાર ચેરમેન કાર્તિક પટેલની અમદાવાદ એરપોર્ટ પર ધરપકડ